

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 339
Dt.: 20-08-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ઉપરાષ્ટ્રપતિ પદ માટે ૯ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે

# કેન્દ્ર સરકારના એનડીએ ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનની પસંદગી કરી

### આ અંગે જાહેરાત કરતાં કહ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ પદની આ ચૂંટણી એક વૈચારિક લડાઈ છે વિપક્ષના તમામ દળ આ મામલે સહમત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

કેન્દ્ર સરકારના એનડીએ ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનની પસંદગી કર્યા બાદ વિપક્ષે અનેક મથામણોના અંતે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીનું નામ જાહેર કર્યુ છે. I.N.D.I.A ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ૯ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે. જેના પરિણામ તે જ દિવસે જાહેર થશે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસ સ્થાને યોજાયેલી વિપક્ષની બેઠકમાં અનેક ચર્ચા-વિચારણાના અંતે બી સુદર્શન રેડ્ડીની પસંદગી કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે, વિપક્ષમાં આ પદ માટે ઉમેદવારની પસંદગી દરમિયાન અનેક મડાગાંઠ સર્જાઈ હોવાના અહેવાલ હતાં. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અંગે જાહેરાત કરતાં કહ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ પદની આ ચૂંટણી એક વૈચારિક લડાઈ છે. વિપક્ષના તમામ દળ આ મામલે સહમત થયા છે. રેડ્ડી ૨૧ ઓગસ્ટના રોજ ઉમેદવારી નોંધાવશે.

NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)એ પોતાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ રવિવારે જાહેર કર્યું હતું. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ આ અંગે જણાવ્યું હતું કે, સી.પી. રાધાકૃષ્ણન NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રહેશે. હાલમાં સી.પી. રાધાકૃષ્ણન મહારાષ્ટ્રના રાજ્યપાલ છે. ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ ફાઈનલ કરવા માટે ભાજપ સંસદીય બોર્ડની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં સૌએ સહમતિ આપી હતી.

બીએ, એલએલબીની ડિગ્રી ધરાવતા બી. સુદર્શન રેડ્ડીનો જન્મ ૮ જુલાઈ, ૧૯૪૬ના રોજ આંધ્રપ્રદેશમાં થયો હતો. કૃષિ પરિવારમાં જન્મેલા બી. સુદર્શન રેડ્ડીએ ૨૭ ડિસેમ્બર, ૧૯૭૧માં આંધ્રપ્રદેશના બાર કાઉન્સિલ સાથે હૈદરાબાદમાં વકીલ તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. ૨ મે, ૧૯૯૫માં આંધ્રપ્રદેશમાં તેમની કાયમી જજ તરીકે નિમણૂક થઈ હતી.



૨૦૦૫માં તેઓ ગુવાહાટી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા. બાદમાં ૧૨ જાન્યુઆરી, ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટના જજ તરીકે નિમણૂક થઈ હતી. ૮ જુલાઈ, ૨૦૧૧ના રોજ તેઓ નિવૃત્ત થયા હતા.

### યુદ્ધની સમાપ્તિને લઈને અમેરિકામાં મોટી બેઠક યોજાઈ

## અમેરિકન વાયુસેના ચીફ ઓફ સ્ટાફે એક મોટો નિર્ણય જાહેર કર્યો

### બેઠક પૂર્ણ થતી વખતે અમેરિકન વાયુસેના ચીફ ઓફ સ્ટાફે એક મોટો નિર્ણય જાહેર કર્યો તેમણે પોતાનું પદ છોડવાની જાહેરાત કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધની સમાપ્તિને લઈને અમેરિકામાં મોટી બેઠક યોજાઈ. આ બેઠકમાં ડોનાલ્ડ ટ્રમ્પ સાથે યુક્રેનના રાષ્ટ્રપતિ ર ઝેલેન્સ્કી અને અન્ય નેતાઓ હાજર રહ્યા હતા. બેઠક પૂર્ણ થતી વખતે અમેરિકન વાયુસેના ચીફ ઓફ સ્ટાફે એક મોટો નિર્ણય જાહેર કર્યો. તેમણે પોતાનું પદ છોડવાની જાહેરાત કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સ એર ફોર્સ ના ચીફ ઓફ સ્ટાફ, જનરલ ડેવિડ એલ્વિને જાહેરાત કરી છે કે તેઓ આવનારા મહિનામાં નિવૃત્તિ લેવાના વિચારમાં છે એલ્વિનની આ જાહેરાતે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા છે.કારણ કે તેમનો કાર્યકાળ ચાર વર્ષ માટે નિર્ધારિત હતો અને હજુ તો માત્ર બે વર્ષ જ પૂરા થયા છે. જનરલ ડેવિડ એલ્વિન અમેરિકન વાયુસેનાના ૨૩મા ચીફ છે અને તેમણે ૨ નવેમ્બર ૨૦૨૩ના રોજ પદભાર સંભાળ્યો હતો. તેમણે જાહેરાત કરી છે કે તેઓ લગભગ ૧ નવેમ્બર ૨૦૨૫ના આસપાસ નિવૃત્તિ લેશે. તેના પહેલાં તેઓ નવેમ્બર ૨૦૨૦થી વાયુસેના ડેપ્યુટી ચીફ તરીકે કાર્યરત હતા. તેઓ એર ફોર્સ એકેડમામાંથી ગ્રેજ્યુએટ થયા છે અને તેમને ૪૬૦૦ કલાકથી વધુનો ઉડાનનો અનુભવ છે. સોશિયલ મીડિયા પર એલ્વિને લખ્યું ૨૩મા વાયુસેના ચીફ તરીકે સેવા કરવાનો અવસર મળ્યે તેના માટે આભારી છું. હું સચિવ મીનક, સચિવ હેગસેથ અને રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માનું છું જેમણે મારા પર વિશ્વાસ રાખ્યો. સૌથી વધુ તો મને એ વાયુ સૈનિકોની ટીમનો ભાગ હોવા પર ગર્વ છે. જે આ મહાન રાષ્ટ્રની રક્ષા માટે પ્રતિદિન તૈયારી કરતા ઈમાનદારી, સેવા અને શ્રેષ્ઠતા જેવા મૂલ્યો માટે જીવતાં રહે છે. જોકે હજુ સુધી એ સ્પષ્ટ થયુ નથી કે એલ્વિન પોતેજ રિટાયરમેન્ટ લઈ રહ્યા છે કે રક્ષા સચિવ પીટ હેગસેથના દબાણ હેઠળ આવીને આવી જાહેરાત કરી રહ્યા છે.

### ટ્રમ્પ-ઝેલેન્સ્કીની બેઠકમાં ડીલ

## યુદ્ધ સમાપ્તિ માટે યુક્રેને અમેરિકાને કિંમત ચૂકવવી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે બેઠક મુદ્દે વિગતો રજૂ કરતાં યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું છે કે, વ્હાઈટ હાઉસમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને યુરોપિયન નેતાઓ સાથે થયેલી વાતચીતમાં યુક્રેન માટે ૯૦ અબજ ડોલરના અમેરિકન હથિયાર ખરીદવાની યોજના સામેલ છે. આ ખરીદી યુરોપિયન ફંડ મારફત થશે. જે યુક્રેનની સુરક્ષા ગેરેંટીનો હિસ્સો બનશે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સોમવારે કહ્યું કે, સુરક્ષા ગેરેંટીનો એક હિસ્સો યુક્રેનમાં ડ્રોનનું નિર્માણ કરશે, જેમાંથી અમુક અમેરિકા દ્વારા ખરીદવામાં આવશે. આ ૯૦ અબજ ડોલરની આ ડીલમાં ૫૦ અબજ ડોલરના ડ્રોન ઉત્પાદન પણ સામેલ છે. હજુ આ મામલે ચર્ચાઓ ચાલી રહી છે. કોઈ ઔપચારિક કરાર થયો નથી. આગામી એકથી દોઢ સપ્તાહમાં કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

ઝેલેન્સ્કી અને ટ્રમ્પે વ્હાઈટ હાઉસની મુલાકાત પહેલાં એક પ્રસ્તાવ પેકેજ તૈયાર કર્યું હતું. આ પેકેજ ટ્રમ્પના અમેરિકી ઉદ્યોગના આર્થિક ફાયદાઓ પર ભાર મૂકે છે. ટ્રમ્પે ભવિષ્યની સહાયતા અંગે સ્પષ્ટતા કરી હતી કે, અમે કંઈપણ સેવા મફત આપી રહ્યા નથી, અમે હથિયાર વેચી રહ્યા છીએ. સ્થાયી શાંતિ સ્થાપિત કરી મજબૂત સુરક્ષા માળખું તૈયાર કરવા પર ભાર મૂકાયો છે. જે ભવિષ્યમાં થનારા યુદ્ધને રોકશે.ગઈકાલે સોમવારે વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ, ઝેલેન્સ્કી અને યુરોપના સાત નેતાઓ વચ્ચે એક લાંબી બેઠક થઈ હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ નેતાઓએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે, ટ્રમ્પ ભીષણ યુદ્ધનો અંત લાવવાના પોતાના ચૂંટણી વચનો પર પુરજોશમાં કામ કરી રહ્યા છે. આ બેઠકમાં તમામ લોકો ખુશ હતા.ટ્રમ્પે ઝેલેન્સ્કી અને ઈયુના નેતાઓ સાથે બેઠક કર્યા બાદ ત્રણેય નેતા વચ્ચે સંયુક્ત બેઠક કરવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું કે, ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચે બેઠક ગોઠવવામાં આવશે. મેં પ્રમુખ પુતિન સાથે ફોન પર વાત કરી છે. પુતિન અને ઝેલેન્સ્કી વચ્ચે એક નિશ્ચિત સ્થળ પર બેઠક યોજવાની તૈયારીઓ શરૂ કરી છે. આ બેઠક બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

### ઓડિશામાં બનશે ૬ લેન રોડ

## કેબિનેટે આપી ૨ મોટા ઈન્ફ્રા પ્રોજેક્ટને મંજૂરી, ૧૦,૦૦૦ કરોડ રૂપિયા થશે ખર્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટે ૨ મોટા પ્રોજેક્ટની મંજૂરી આપી છે. આ પ્રસ્તાવ ઈન્ફ્રાસ્ટક્ચર સાથે જોડાયેલો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ બાબતની જાણકારી આપતા કહ્યુ કે, કેબિનેટ રાજસ્થાનમાં એક એરપોર્ટ અને ઓડિશામાં રિંગ રોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ બંને પ્રોજક્ટ મહત્વ પૂર્ણ છે. આ બંને પ્રોજેક્ટ માટે ૧૦,૦૦૦ કરોડ ખર્ચ કરાશે.ઓડિશામાં ૬ લેન રિંગ રોડ ૧૧૦.૮૭૫ km લાંબો હશે. જેના માટે કુલ ૮૩૦૭.૭૪ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. આ ભારતનો સૌથી મોટો રોડ પ્રોજેક્ટ માંથી એક પ્રોજેક્ટ છે. જેને આજે કેબિનેટે મંજૂરી આપી છે. કેબિનેટના આ નિર્ણયથી ઓડિશાને મોટી રાહત થશે. સાથે અવર જવરની સુવિધા સરળ બની જશે. જેનાથી બિઝનેસ કરનારા લોકોને પણ ફાયદો થશે અને દેશની આર્થિક સ્થિતિ વધુ મજબૂત થશે.કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજસ્થાનના કોટા બૂંદી એરપોર્ટને લઈને પણ પ્રોજેક્ટનું એલાન કર્યુ છે.

જાણકારી અનુસાર, કેબિનેટે અહિંયા ગ્રીનફીલ્ડ એરપોર્ટ માટે મંજૂરી આપી છે. યોજના પ્રમાણે અહિંયા ૩૨૦૦ મીટર લાંબો રનવે બનાવવામાં આવશે. એરપોર્ટ ૧૦૮૯ એકર જમીનમાં ફેલાયેલું હશે. આ એરપોર્ટ તૈયાર થયા બાદ આશરે ૨૦ લાખ યાત્રીઓની અવર જવર થશે. આ એરપોર્ટ માટે ૧૫૦૭ કરોડ રૂપિયાનો ખર્ચો કરવામાં આવશે.કેન્દ્રીય મંત્રી પ્રમાણે જમીનની ઓળખામ થઈ ચૂકી છે અને હવે તેનુ કામ જલ્દી જ શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે વર્ષ ૨૦૧૪ થી લઈને ૨૦૨૪ સુધી દેશમાં ઓપરેશનલ એરપોર્ટસની સંખ્યા ૭૪ થી વધીને ૧૬૨ થઈ ગઈ છે.

### બે અલગ અલગ જગ્યાઓ પર ગોળીબારીની ઘટના ઘટવા પામી

## ન્યૂયોર્કના બારમાં ફાયરિંગ, બે હુમલા ખોર સહિત ત્રણના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

અમેરિકામાં રવિવારે અને સોમવારે બે અલગ અલગ જગ્યાઓ પર ગોળીબારીની ઘટના ઘટવા પામી છે. ન્યૂયોર્ક સિટી અને વેસ્ટ વર્જીનિયામાં થયેલી આ ઘટના ૫ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. તો ન્યૂયોર્ક સિટીમાં બનેલી આ ઘટનામાં બે ફરાર બદમાશોની શોધખોળ કરવામાં આવી રહી છે.

ન્યૂયોર્ક ના બ્રુકલિન વિસ્તારની ટેસ્ટ ઓફ ધ સિટી લોન્જ બારમાં રવિવારે સવારે થયેલા ફાયરિંગમાં ૩ લોકોના મોત નીપજ્યા છે.જેમાં બે હુમલાખોર સામેલ હતા. પોલીસે જણાવ્યુ કે, ૩૫ વર્ષી જેમેલ ચાઈલ્ડ્સ અને ૧૯ વર્ષીય માર્વિન સેન્ટ લુઈસ વચ્ચે વિવાદ થયો અને થોડાક સમય બાદ બંનેએ એકબીજા પર ગોળી ચલાવી. બંનેનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું. ત્રીજો જે વ્યક્તિ મોતને ભેટ્યો તે ૨૭ વર્ષીય અમાદૂ ડાયલો હતો. જેને પોલીસે ત્યાંનો સ્થાનિક બતાવ્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં કુલ ૧૪ લોકો ઘાયલ થયા છે.જો કે કોઈ પણ ગંભીર હાલતમાં નથી. પોલીસે જણાવ્યુ કે આ ઘટનામાં સામેલ અન્ય જે શૂટર હતા તે ફરાર થઈ ગયા છે. જ્યાં ઘટના ઘટી હતી ત્યાંથી પોલીસે એક હથિયાર અને ૪૨ વધારે ખોખા જપ્ત કર્યા છે.

### યુનિવર્સિટીએ પરીક્ષા સ્થગિત કરી, ૧૨ લોકોના મોત

## મુંબઈમાં સળંગ ચોથા દિવસે મૂશળધાર વરસાદ વરસ્યો

### મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ જિલ્લામાં ભારે વરસાદના કારણે દરિયો જાણે રસ્તા પર આવી ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રમાં મુંબઈ સહિત અનેક જિલ્લાઓમાં છેલ્લા ચાર દિવસથી વરસી રહેલા અનારાધાર વરસાદના કારણે અનેક ગામો સાથેના સંપર્ક તૂટ્યા છે.

વિદર્ભમાં અમુક ગામોમાં પૂરની સ્થિતિ સર્જાતાં સંપર્ક તૂટ્યો છે.

મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ જિલ્લામાં ભારે વરસાદના કારણે દરિયો જાણે રસ્તા પર આવી ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.



મૂશળધાર વરસાદના કારણે સેન્ટ્રલ રેલવે ખોરવાઈ છે. લોકલ ટ્રેનો પણ કલાકથી દોઢ કલાક મોડી ચાલી રહી છે.

હાર્બર રેલવે લાઈન પર પાણી ભરાતાં ટ્રેનો ૫૦-૫૦ મિનિટ મોડી પડી છે. ચારેકોર પાણી ભરાતાં ટ્રાફિક જામની સમસ્યા પણ વધી છે. લોકો ઘરની બહાર નીકળવા અસક્ષમ બન્યા છે.

ભારે વરસાદને ધ્યાનમાં લેતાં મુંબઈ યુનિવર્સિટીએ આજે લેવાનારી પરીક્ષા સ્થગિત કરી છે. આજે સ્થગિત કરાયેલી યુનિવર્સિટીની આ પરીક્ષા હવે ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ યોજાશે. શાળા-કોલેજોમાં આજે પણ રજા આપવામાં આવી છે. BMCએ નીચાણવાળા વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે.

મહારાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૦MM વરસાદ વરસ્યો છે. વિખરોલીમાં સૌથી વધુ ૨૫૫.૫ MM વરસાદ પડ્યો હતો. ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ સર્જાતા અત્યારસુધીમાં આઠ લોકોના મોત થયા છે. અનેક ગુમ છે. બોરિવલી, અંધેરી, સિયોન, દાદર, ચેમ્બુર, ગાંધી માર્કેટમાં કેડસમા પાણી ભરાયા છે. શાળા, કોલેજો અને ઓફિસોમાં જાહેર રજા આપવામાં આવી છે.

હવામાન વિભાગે આજે પણ મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ડેપ્યુટી સીએમ અજિત પવારે સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલ રૂમની મુલાકાત લઈ દેખરેખ રાખી રહ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ચિંચોલી ફાયર સ્ટેશનમાં ૩૬૧ મીમી, કાદિવલી ફાયર સ્ટેશન મીમી, વસઈ પમ્પિંગ સ્ટેશન ૨૪૦ મીમી, દાદર ૩૦૦ મીમી, વડાલા મ્યુનિસિપલ સ્કૂલ ૨૮૨ મીમી, સાઉથ ડિવિઝન ૨૬૫ મીમી, વર્લી ૨૫૦ મીમી વરસાદ પડ્યો છે.

## રાષ્ટ્રપતિએ બિલોને ક્યારે મંજૂરી આપવી તે સુપ્રીમ કોર્ટ નક્કી ના કરી શકે : કેન્દ્ર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટ દ્વારા રાષ્ટ્રપતિ માટે બિલોને મંજૂરી અંગે સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી, જેનો વિરોધ કરતા કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં એવો જવાબ આપ્યો હતો કે ન્યાયપાલિકા અને સંસદ બન્નેની સત્તા અલગ છે, રાષ્ટ્રપતિએ બિલોને ક્યારે મંજૂરી આપવી તે સુપ્રીમ કોર્ટ નક્કી ના કરી શકે. તમિલનાડુના રાજ્યપાલે વિધાનસભા દ્વારા પસાર કરેલા બિલોને લટકાવી રાખતા રાજ્ય સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ હતી, સુપ્રીમ કોર્ટે બાદમાં રાજ્યપાલની સાથે રાષ્ટ્રપતિ માટે પણ બિલો અંગે નિર્ણય લેવા માટે સમય મર્યાદા નક્કી કરી હતી. રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં કેટલાક કાયદાકીય સવાલો ઉઠાવાયા હતા, આ વિવાદ અંગે જવાબ આપતા કેન્દ્ર સરકારે કહ્યું હતું કે રાષ્ટ્રપતિએ બિલો અંગે ક્યારે નિર્ણય લેવો ક્યારે નહીં તે નક્કી કરવાનું કામ ન્યાયપાલિકાનું નથી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈની અધ્યક્ષતામાં પાંચ ન્યાયાધીશોની બેંચ સમક્ષ મામલાની સુનાવણી ચાલી રહી છે. કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે બંધારણના આર્ટિકલ ૨૦૦ અને ૨૦૧માં રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ માટે બિલોને મંજૂરી આપવા માટે કોઈ જ સમય મર્યાદા નક્કી કરવામાં નથી આવી. આર્ટિકલ ૧૪૩માં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે રાષ્ટ્રપતિ પોતાની રીતે નિર્ણય લેવા માટે સ્વતંત્ર છે, તેમને બિલોને મંજૂરી આપવા માટે સુપ્રીમ કોર્ટ કહી ના શકે.




## તંત્રી લેખ......

### યુક્રેન-રૂસ જંગ વિરામનો માર્ગ લાંબો અને મુશ્કેલ

વારંવાર બફાટ કરીને ચકચાર જગાવતા રહેતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના જંગનો અંત આણવા કરેલી શેખી હવે દુનિયાની શાંતિની આશાને ઠગારી સાબિત કરી રહી છે. નોબેલ શાંતિ પુરસ્કાર માટેનો પોતાનો દાવો ખરો કરવા સતત મથી રહેલા ટ્રમ્પે યુક્રેનનો જંગ સમાપ્ત કરવા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે યોજેલી શિખર મંત્રણાએ દુનિયાભરમાં આશા જગાવી હતી, પણ આ ચાવીરૂપ શિખર બેઠક અગાઉ અને તે પછી ટ્રમ્પના વલણ અને વાણીવિલાસે આખી કવાયતને પરિણામલક્ષી બનાવી ન હતી. લાંબા સમયથી રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતા જંગમાં યુદ્ધ વિરામ થાય એવી ઈચ્છા આખી દુનિયાની છે, પણ બંને પક્ષે અક્કડ વલણ અને અમેરિકા જેવી મહાસત્તાઓની દખલગીરીને લીધે આ જંગ સતત ખેંચાતો રહ્યો છે. આવામાં ટ્રમ્પ અને પુતિન વચ્ચેની શિખર મંત્રણાની ઉપર મારે મદાર હતો, પરંતુ શિખર બેઠક અગાઉ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પર તેમની પ્રકૃતિ મુજબનું વલણ લીધું હતું. તેમણે એમ કહ્યંઅ હતું કે, તેઓ યુક્રેનમાં યુદ્ધવિરામ જોવા ઈચ્છે છે અને જો તે અંગે સહમતી નહીં સધાય તો તેઓ નાખુશ થશે. કોઈ સમ્રાટની તોલે આવે એવા તેમના વલણની સામે પુતિને કોઈ બાંધછોડ કરી ન હોવાની સ્પષ્ટ છાપ સામે આવી રહી છે. બે મહાસત્તા ભેગા મળીને યુક્રેનના હિતોને નુકસાન પહોંચાડી શકે તેવી ભીતિ ધરાવતા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલ્દોમીર ઝેલેન્સ્કીને રશિયા અને અમેરિકાની શિખર બેઠકમાં કોઈ સહમતી ન સધાઈ હોવાથી દેખીતી રીતે રાહત થઈ છે. ભારતીય સમય મુજબ સોમવારે રાત્રે ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે બેઠક યોજાશે, તેમાં યુરોપના અમુક રાષ્ટ્રાધ્યક્ષો સમજાવટ માટે જોડાશે, બેઠક અગાઉ પુતિને યુક્રેન પર મોટો હવાઈ હુમલો કરીને પોતાનો ઈરાદો અને વલણ સ્પષ્ટ કરી દીધા છે. આમ છતાં ઝેલેન્સ્કી-ટ્રમ્પ બેઠક પર આખી દુનિયાની મીટ મંડાઈ છે. લાંબા સમયથી ચાલતા વિગ્રહથી દુનિયા પરેશાન છે અને કોઈ પણ ભોગે શાંતિ સ્થપાય એવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. એક તરફ ટ્રમ્પ યુદ્ધવિરામ માટે યુક્રેનનો અમુક ભાગ રશિયાને મળે એવી ફોર્મ્યુલા પર કામ કરી રહ્યા છે, પણ ઝેલેન્સ્કીને અને યુરોપને આ વાત સ્વીકાર્ય રહે એવી શક્યતા નથી. જો કે, સોમવાર રાતની બેઠક બાદ ટ્રમ્પ રશિયા જઈને પુતિનની સાથે વધુ ચર્ચા કરી શકે છે, એવા સંકેત પણ મળ્યા છે. આવામાં પ્રયાસ ઘનિષ્ઠ બન્યા છે, પણ ઉકેલનો કોઈ સ્પષ્ટ માર્ગ કે રાજદ્વારી ઈચ્છાશક્તિ હજી મળતો ન હોવાની છાપ છે.

એક વાત તો નક્કી છે કે, અમેરિકા રશિયાની સામે પ્રતિબંધો લાદી ચૂક્યું છે, પણ તે અને યુરોપીયન સંઘ યુક્રેનને શસ્ત્રોથી માંડીને તમામ પ્રકારની સહાયતા સતત વધારી રહ્યા છે. આ બળના આધારે ઝેલેન્સ્કીની જીદ વધી છે, તેઓ હવે અમેરિકાના ઈરાદાની સામે સવાલ ઊભા કરતા થયા છે. ઝેલેન્સ્કી-યુક્રેનને હ્નનાટો'માં સામેલ કરવા આતુર છે. રશિયાના તાબા હેઠળનો પ્રદેશ ક્રિમિયા શહેર પાછું મેળવવા તેમની માગણી છે જે પુનિત કોઈ કાળે માને તેમ નથી. આમ હ્રુવિરામના પ્રયાસો હજી લાંબા અને જટિલ જણાઈ રહ્યા છે. આવામાં ટ્રમ્પે નોબેલના સ્વપ્નને સાકાર કરવા વધુ સંયમ અને મહેનત સાથે આગળ વધવાની ખાસ જરૂરત છે.

---

'શિક્ષક આવૃત્તિ'થી શિક્ષણને મળશે નવી દિશા : તાલીમ થકી NEP-2020 અને NCF-2023નું વર્ગખંડમાં થશે અમલીકરણ

# GCERT દ્વારા રાજ્યના ધોરણ ૩ થી ૮ ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે આગામી ૨૯ સપ્ટેમ્બર સુધી અપાશે તાલીમ

**બાળકોમાં ૨૧મી સદીનાં કૌશલ્યો અને ક્ષમતા વિકસાવવા માટે શિક્ષકો અસરકારક અધ્યયન-અધ્યાપનનું કાર્ય કરે તે હેતુથી GCERT દ્વારા વિષયવાર આવૃત્તિઓ તૈયાર કરાઈ**

નેશનલ એજ્યુકેશન પોલીસી ૨૦૨૦ તેમજ નેશનલ કરિકુલમ ફ્રેમવર્ક ૨૦૨૩ને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, વર્ગખંડમાં ભણાવવાની પદ્ધતિ તેમજ તેના મૂલ્યાંકનમાં મોટાપાયે ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ ફેરફારની અસર વર્ગખંડ સુધી પહોંચે તે માટે જીસીઈઆરટી દ્વારા ધોરણ ૩ થી ૮ની વિષયવાર શિક્ષક આવૃત્તિઓ તૈયાર કરવામાં આવી છે. રાજ્યના ધોરણ ૩ થી ૮ના તમામ શિક્ષકોને 'શિક્ષક આવૃત્તિના ઉપયોગ' અંગે GCERT દ્વારા તાલીમ અપાઈ રહી છે. શિક્ષક આવૃત્તિઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે શિક્ષકોને માર્ગદર્શન અને નિદર્શન આપવા માટે શિક્ષક આવૃત્તિ આધારિત તાલીમનું તા. ૧૮ ઓગષ્ટથી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી આયોજન કરવામાં આવ્યું છે.

આ તાલીમના ઉદ્દઘાટન સત્રમાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોર તથા શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી મુકેશ કુમારે સૌ શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તાલીમના માર્ગદર્શન સેશનમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનસેરીયાએ વીડીયો સંદેશ મારફતે સૌ શિક્ષકોને એક ભારત શ્રેષ્ઠ ભારત માટે બાળકોને તૈયાર કરવા આહવાન કર્યું હતું. આ ઉપરાંત મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરાયેલા ગુણવત્તા અભિયાનમાં જોડાઈ તેનો વર્ગખંડમાં યોગ્ય ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

પ્રવર્તમાન પાઠ્યપુસ્તકોના શિક્ષણકાર્ય દરમિયાન વિદ્યાર્થીઓમાં NEP ૨૦૨૦ અને NCF SE ૨૦૨૩ દ્વારા ૨૧મી સદીનાં કૌશલ્યો અને ક્ષમતા વિકસાવવા માટે શિક્ષકો અસરકારક અધ્યયન-અધ્યાપનું કાર્ય કરી શકે એ માટે આ આવૃત્તિઓ તૈયાર કરાઈ છે. NEP-2020 તેમજ NCF-2023ના અમલીકરણમાં તેમજ બાળકોમાં સમસ્યા ઉકેલ, ટીમવર્ક, સંવાદ કૌશલ્ય અને ડિજિટલ સાક્ષરતા જેવા કૌશલ્યો વિકસાવવામાં આ તાલીમ ખુબ જ મદદરૂપ બનશે.

શિક્ષકો વિદ્યાર્થી-કેન્દ્રિત અભિગમ અપનાવી બાળકની જરૂરિયાતો અને ક્ષમતાઓનું સંકલન કરી શિક્ષણકાર્ય હાથ ધરતા થાય તે માટે બે થી ત્રણ દિવસની તાલીમનું બ્લેન્ડેડ મોડ એટલે કે ઓનલાઈન અને ઓફલાઈન બંને માધ્યમમાં આયોજન કરાયું છે. આ તાલીમ તાલુકા મથકે યોજાઇ રહી છે. જેમાં જીસીઈઆરટી અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા તૈયાર કરાયેલા માસ્ટર ટ્રેનર્સ દ્વારા શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવી રહ્યાં છે.

આ તાલીમમાં માત્ર પ્રવચન આધારિત નહીં, પરંતુ શિક્ષકોને વર્ગખંડ પ્રક્રિયાનો વાસ્તવિક અનુભવ મળે તે હેતુસર પ્રાયોગિક, જૂથકાર્ય, ડેમોસ્ટ્રેશન જેવી વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિઓની સાથે NEP-2020માં ભલામણ કરાયેલી ઈનોવેટીવ શિક્ષણ પદ્ધતિઓનું પણ નિદર્શન કરવામાં આવી રહ્યું છે. જીસીઈઆરટી દ્વારા તૈયાર કરાયેલી શિક્ષક આવૃત્તિ જીસીઈઆરટીની વેબસાઈટ અને દીક્ષા પોર્ટલ એમ બંને પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે જેનો લાભ લેવા જીસીઈઆરટીના નિયામકશ્રીએ શિક્ષકોને ખાસ જણાવ્યું છે. તાલીમના ઉદ્દઘાટન સત્રમાં પ્રાથમિક શિક્ષણ નિયામક ડૉ. એમ.આઇ.જોષી, જી.સી.ઇ.આર.ટી.ના નિયામક શ્રી પી. કે. ત્રિવેદી, અધિક નિયામક ડૉ. એ.કે.પટેલ અને રીડર ડૉ. દેવદત્ત પંડ્યા ઉપસ્થિત રહી શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. મહાનુભાવોએ શિક્ષકે હમેંશા શીખતા રહી સાંપ્રત પ્રવાહોથી માહિતગાર રહેવું જરૂરી છે, તેમ જણાવી વર્ગખંડની પ્રક્રિયામાં બદલાવ લાવવા કટિબદ્ધ બનવા સૂચન કર્યું હતુ. તેમણે શિક્ષકોને જીસીઈઆરટી દ્વારા તૈયાર કરેલી શિક્ષક આવૃત્તિનો મહત્તમ ઉપયોગ કરી વર્ગખંડ પ્રક્રિયાને વધુ ગુણવત્તાલક્ષી બનાવવા પણ અનુરોધ કર્યો હતો. - ઋચા રાવલ

---

હનુમાનજીને માનનાર વર્ગમાં યુવા વર્ગ સૌથી આગળ

## પટનાની આરાધ્યા સિંહે હનુમાન ચાલીસાને ૨૩૪ ભાષામાં ટ્રાન્સલેટ કરી

**આ માટે તેને ૬મહિનાનો સમય લાગ્યોઃ તેનું કહેવુ છે કે છઠ પર્વ પર તેણે ટ્રાન્સલેટ કરવાની શરૂઆત કરી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

હનુમાન ચાલીસા કે જે મોટા ભાગે સૌ કોઈને મોઢે હોય. હનુમાનજીને માનનાર વર્ગમાં યુવા વર્ગ સૌથી આગળ છે. હનુમાન ચાલીસા તમે હિંદીમાં સાંભળી હશે. પરંતુ પટનાની એક દીકરીએ હનુમાન ચાલીસા એક બે નહી પણ ૨૩૪ ભાષામાં અનુવાદ કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો છે.પટનાની આરાધ્યા સિંહ કે જેણે હનુમાન ચાલીસાને ૨૩૪ ભાષામાં ટ્રાન્સલેટ કરી. આ માટે તેને ૬મહિનાનો સમય લાગ્યો. તેનું કહેવુ છે કે છઠ પર્વ પર તેણે ટ્રાન્સલેટ કરવાની શરૂઆત કરી હતી. દરેક ભાષામાં શબ્દોનો ભાવાર્થ સમજીને સાવધાની પૂર્વક આ કામ કરતા તેને ૬ મહિના થયા. આ અનુવાદ કરવાનું ઉદેશ્ય આરાધ્યાનો એ છે કે તે દેશ વિદેશમાં રહેતા યુવાઓને સનાતન ધર્મ સાથે જોડવા માગે છે. તેનો લક્ષ્ય ધાર્મિક આસ્થાને નવી પેઢી સુધી પહોંચાડવાનો છે. તેણે કહ્યું કે આજે યુવા પેઢી સોશિયલ મીડિયા પર વ્યસ્ત રહે છે. એવામાં મારો પ્રયાસ છે કે યુવાઓ હનુમાન ચાલીસા વાંચે, સમજે અને તેનો પાઠ કરે. તેણે કહ્યુ કે આ સનાતન સાથે છેડછાડ નહી પણ સનાતનને પ્રોત્સાહન મળે તે માટેની કામગીરી છે.આરાધ્યાએ આ સફળતા માટે તેના માતાપિતાને શ્રેય આપ્યો. આ સાથે જ તેણે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની પ્રશંસા કરી અને કહ્યું કે LJPR પ્રમુખે તેને આ કાર્ય માટે ઘણી વખત પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું. જેના કારણે ૨૩૪ ભાષાઓમાં હનુમાન ચાલીસાનો અનુવાદ શક્ય બન્યો.

---

૨૮૦૦ પ્રોપર્ટી કાર્ડ રદ થતાં હાહાકાર

## ગોધરા સિટી સર્વે કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોધરા

ગોધરાની સીટી સર્વે કચેરીમાં તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટે નિયમ વિરુદ્ધ ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. નિયમ વિરૂદ્ધ ઈશ્યૂ થયેલા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને જિલ્લા કલેકટરના હુકમથી રદ કરી દેવામાં આવ્યા છે. ત્યારે લાબા સમયમાં બોગસ બનેલા પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.

ગોધરા સીટી સર્વે કચેરીમાં પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કરવામાં ભ્રષ્ટાચાર કરાયો હોવાની રજૂઆત બાદ ગાંધીનગરની ટીમે ગોધરા કચેરીમાં ૩ દિવસ તપાસ કરતા ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ નિયમ વિરુદ્ધ ઈશ્યૂ કરી હોવાનું બહાર આવતા તપાસ ટીમ તમામ ડોકયુમેન્ટ લઈ જઈને તપાસ કરી હતી. તપાસ બાદ ગુજરાત સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડ નિયાકમ હુકમ કર્યો કે ગોધરાના તત્કાલિન સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ ડી.ડી.પટેલે કચેરીમાં ૨૮૩૧ થી વધુ પ્રોપર્ટી કાર્ડ ક્ષતિયુક્ત રીતે બનાવેલા હોવાનું પ્રસ્થાપિત થયું છે. જેથી ડી.ડી.પટેલ દ્વારા આચરવામાં આવેલા ગેરરીતીને લઈને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી મુકવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

જયારે કચેરીમાં ક્ષતિ યુક્ત ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડને રદ કરવા કે ચાલુ રાખવા તેની અસમસંજમાં કચેરી છે. હાલ ડીઆઈએલઆર દ્વારા વડી કચેરીમાં લેખીતમાં પ્રોપર્ટી કાર્ડની રજૂઆત કરી છે. વડી કચેરીમાંથી નીયમ વિરુદ્ધ ઈશ્યૂ કરેલા ૨૮૩૧ જેટલા પ્રોપર્ટી કાર્ડ જીલ્લા કલેકટર દ્વારા રદ કરવાનો હુકમ કરતા કચેરી દ્વારા તમામ નિયમ વીરુદ્ધ ઈશ્યૂ થયેલ પ્રોપર્ટી કાર્ડ રદ કરી દીધા છે. તેમજ રદ થયેલ પ્રોપર્ટી કાર્ડ ધારકોઓએ હવે નવેસરથી પ્રોપર્ટી કાર્ડની પ્રક્રીયા નિયમ મુજબ કરવી પડશે. જયારે જિલ્લામાં એક સાથે ૨૮૩૧ પ્રોપર્ટી કાર્ડ રદ થતા ચર્ચાનો વિષય બન્યો છે.એક પ્રોપર્ટી કાર્ડની તપાસમાં સમગ્ર ગેરરીતી બહાર આવી હતી કાલોલના કાતોલની જમીન ખેતી હેડે ચાલતી હતી. અને તેમાં ખોટું પ્રોપર્ટી કાર્ડ બનેલ હોવાની શંકાના આધારે તપાસ કરવામાં આવી હતી. તપાસમાં એક સાથે ૨૮૦૦ થી વધુ નિયમો વિરુદ્ધ બનાવ્યા હોવાનું બહાર આવ્યું હતું. તેમજ ખેતીની જમીનના પણ પ્રોપર્ટી કાર્ડ બન્યા હોવાને લઈને તંત્ર દ્વારા કાર્યવાહી કરી છે. ખેતી જમીનના પ્રોપર્ટી કાર્ડ સહીત તમામ બોગસ પ્રોપર્ટી કાર્ડને રદ કરી દેવામાં આવ્યા છે.અગાઉ તપાસ કરતા નિયમ વિરુધ્ધ ૨૮૦૦ થી પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

આ નિયમ વિરુદ્ધ ઈશ્યૂ થયેલ તમામ પ્રોપર્ટી કાર્ડને રદ કરવામાં આવ્યા છે. પ્રોપર્ટી કાર્ડ રદ થતા તેઓ નવેસરથી નિયમ મુજબની પ્રક્રીયા કરીને નવા પ્રોપર્ટી કાર્ડ બનાવી શકશે.

---

માંડલ બેચરાજી SIRમાં મોટા પ્રોજેક્ટ્સના કારણે ઔદ્યોગિક ક્ષેત્ર વધુ મજબૂત બન્યું, જે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ઝળકશે

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ માટે માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન સજ્જ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું કામ પુરજોશમાં

**ઉત્તર ગુજરાતનું ગ્રોથ હબઃ VGRC પહેલાં માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ખાતે ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મળ્યો વેગ**

માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ખાતે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ફ્ઌઈઝ) પહેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યક્રમ માટે માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (MBSIRDA) વિકાસલક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને વેગ આપી રહી છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ ઉત્તર ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે, જે કનેક્ટિવિટી, ક્ષમતા સાથે રોકાણને વેગ આપશે. નોંધનીય છે કે, આગામી ૯-૧૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાશે.

MBSIRDAએ તેની વિકાસલક્ષી પહેલ હેઠળ નીચે મુજબના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છેઃ

- અંદાજે રૂા.૧૯૦ કરોડના રોકાણ સાથે ૩૩ કિમીના રસ્તાઓનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે.
- લગભગ રૂા.૫૦૦ કરોડના ખર્ચે પાણી પુરવઠો, ગટર અને ઉદ્યોગોના ગંદા પાણીના નિકાલની પાઈપલાઈન જેવી સુવિધાઓ સાથે ૬૬ કિમીના ટાઉન પ્લાનિંગ રસ્તાઓનું બાંધકામ ચાલુ છે.
- રૂા.૭૦ કરોડની ઔદ્યોગિક માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા માટે MBSIRDA નીચેના પ્લાન્ટનું કરશે નિર્માણઃ
- ૨૦ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો વધારાનો વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- ૪થી ૧૫ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ત્રણ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ
- ઉદ્યોગો માટે ૧૯ મિલિયન લિટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતો એક કૉમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)

આ ભવિષ્યલક્ષી પ્રોજેક્ટ્સ સસ્ટેનિબિલિટી અને પર્યાવરણીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિશ્વ કક્ષાના ઔદ્યોગિક કેન્દ્રો બનાવવાની ગુજરાતની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર ગુજરાત માટે મહેસાણામાં જે આગામી ફ્ઌઈઝનું આયોજન થવાનું છે તે વૈશ્વિક સ્તરે પ્રખ્યાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ (VGGS) મૉડેલનું વિસ્તરણ છે. આ કાર્યક્રમ કૃષિ, ડેરી, ફૂડ પ્રોસેસિંગ અને ઑટોમોબાઈલ ઉદ્યોગોમાં ઉત્તર ગુજરાતની આર્થિક ક્ષમતાને પ્રકાશિત કરશે. MBSIR ખાતેની પ્રગતિ એ સૂચવે છે કે આ પ્રદેશ રોકાણ અને ઔદ્યોગિક વિકાસ માટે સજ્જ છે, જે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ ઝળકશે.

VGRCનો ઉદ્દેશ્ય વ્યાપક જાહેર ભાગીદારી અને પરસ્પર વિકાસને પ્રોત્સાહન આપવાનો છે, જે ગુજરાતના સમાવેશી ઔદ્યોગિક વિકાસના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

---

વિપક્ષની 'વોટર અધિકાર યાત્રા'માં દુર્ઘટના

## રાહુલ ગાંધીની જીપે પોલીસકર્મીને ટક્કર મારી

**ઔરંગાબાદ જઈ રહેલી આ રેલીમાં રાહુલ ગાંધીની ગાડીએ એક પોલીસકર્મીને ટક્કર મારી હતી જેને સામાન્ય ઈજા થઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા દરમિયાન એક દુર્ઘટના ઘટી છે. ઔરંગાબાદ જઈ રહેલી આ રેલીમાં રાહુલ ગાંધીની ગાડીએ એક પોલીસકર્મીને ટક્કર મારી હતી. જેને સામાન્ય ઈજા થઈ હતી. વોટર અધિકાર યાત્રામાં આરજેડી નેતા તેજસ્વી યાદવ પણ જોડાયા છે. કોંગ્રેસ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવ આજે આ રેલીમાં ઔરંગાબાદ જઈ રહ્યા હતાં. જ્યાં રાહુલ ગાંધી એક જનસભાને સંબોધિત કરવાના હતાં. આ યાત્રા દરમિયાન રાહુલ ગાંધી ચૂંટમી પંચ અને ભાજપ પર વોટ ચોરીના ગંભીર આરોપો મૂકી રહ્યા હતા. યાત્રા દરમિયાન નવાદામાં રાહુલ ગાંધી અને તેજસ્વી યાદવને લઈ જઈ રહેલા વાહને સુરક્ષામાં તૈનાતમાં પોલીસકર્મીને ટક્કર મારી હતી. પોલીસકર્મી નીચે પડી ગયો હતો. જેને અન્ય સુરક્ષા અધિકારીઓએ ઉભો કર્યો હતો. બાદમાં રાહુલ ગાંધીએ તેના ખબર અંતર પણ પૂછ્યા હતાં.

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગત હેઠળ વોટ ચોરીનો આરોપ મૂક્યો છે. આ આરોપો સાથે તેમણે વોટર અધિકાર યાત્રા શરૂ કરી છે. ઝારખંડ પ્રદેશ કોંગ્રેસના નેતાઓ ડઝન ગાડીઓના કાફલા સાથે આ યાત્રામાં જોડાયા છે. તેઓ આજે બિહાર પહોંચ્યા હતાં. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કેશવ મહતો કમલેશ, પૂર્વ અધ્યક્ષ રાજેશ ઠાકુર, મંત્રી દિપિકા પાન્ડે સિંહ ઉપરાંત કોંગ્રેસ ધારાસભ્યો, કાર્યકારી અધ્યક્ષ સહિત પક્ષના અનેક કાર્યકરો નવાદા પહોંચ્યા હતાં. જ્યાં રાહુલ ગાંધી જનસભા સંબોધિત કરવાના છે.

---

આગામી સમયમાં આ અભિયાન હેઠળ કુલ ૧૦ કરોડથી વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક સિદ્ધ કરાશે

## 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ગુજરાત ૦૬ કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં ત્રીજા ક્રમે : વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાતે સમગ્ર દેશમાં તા. ૦૪ જૂન થી ૧૮ ઓગષ્ટ-૨૦૨૫ સુધીમાં ત્રીજા નંબરે સૌથી વધુ ૬.૦૫ કરોડથી વધુ વૃક્ષારોપણ કરી રાજ્યના ગ્રીન કવરમાં વધારો કરવા નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપ્યો છે. જ્યારે વસ્તી-વિસ્તારના સાપેક્ષમાં ઉત્તરપ્રદેશ ૩૨.૫૧ કરોડ વૃક્ષારોપણ સાથે દેશમાં પ્રથમ જ્યારે ૦૮ કરોડ સાથે રાજસ્થાન બીજા ક્રમે છે. આગામી સમયમાં સૌના સાથ સહકારથી આ અભિયાન હેઠળ કુલ ૧૦ કરોડથી વધુ વૃક્ષારોપણનો લક્ષ્યાંક સિદ્ધ કરવાનું ગુજરાત સરકારનું આયોજન છે તેમ, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

પ્રકૃતિની સાથે પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધનમાં દેશમાં ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. વૃક્ષો થકી પર્યાવરણના જતન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં 'વિશ્વ પર્યાવરણ દિવસ' તા. ૫ જૂન નિમિતે 'એક પેડ મા કે નામ' રાષ્ટ્રવ્યાપી અભિયાનનો પ્રથમવાર શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે સાચા અર્થમાં ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં આ 'જન અભિયાન' પ્રસ્થાપિત થયું છે. ગુજરાતમાં પણ પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે ચોમાસાની ઋતુમાં વિવિધ સ્થળોએ રાજ્ય સરકાર દ્વારા 'વન મહોત્સવ'નું આયોજન કરવામાં આવે છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વન મંત્રી શ્રી મુળુભાઈએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વાવવામાં આવેલા વૃક્ષો આગામી સમયમાં દેશભરની માનવ જીવન-વન્યજીવ સૃષ્ટિના રહેઠાણ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ સાથે 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ જૂન થી ઓગષ્ટ-૨૦૨૫ દરમિયાન આજ સુધીમાં દેશના ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મળીને કુલ ૬૨ કરોડથી વધુ વૃક્ષો વાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણ ક્ષેત્રે ભારતે નવો રેકોર્ડ સ્થાપ્યો છે.

વન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના પર્યાવરણલક્ષી 'એક પેડ મા કે નામ' અભિયાનનો ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગરથી પોતાના માતાના નામે એક વૃક્ષ વાવીને પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં સહભાગી થઈને ગુજરાતના મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સાંસદ સભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ પોતાની માતાની યાદમાં એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાની કાળજી લઈ રહ્યા છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતુ કે, આ જન અભિયાનના પરિણામ સ્વરૂપે ગુજરાત આજે ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન બાદ સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે પરંતુ વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ઉત્તરપ્રદેશ દેશમાં સૌથી વધુ અંદાજે ૧૯.૯૮ કરોડની વસ્તી ઉપરાંત ૨,૪૦,૯૨૮ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતું રાજ્ય છે. જેની તુલનામાં ગુજરાત અંદાજે ૬ કરોડથી વધુ વસ્તી તેમજ ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવે છે તે જોતા ગુજરાત વૃક્ષારોપણમાં દેશના અગ્રેસર રાજ્યોમાંથી એક છે તેમ કહી શકાય. આ સિદ્ધિ સૌ પર્યાવરણ પ્રેમી ગુજરાતીઓને આભારી છે તેમ જણાવી મંત્રીશ્રીએ આ અભિયાનમાં વધુમાં વધુ પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

વન રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આ અભિયાન હેઠળ વિવિધ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં થયેલા વૃક્ષારોપણની વધુ વિગતો આપતાં કહ્યું કે, તા. ૧૮ ઓગષ્ટ-૨૦૨૫ની સ્થિતિએ ગ્રામીણ વિસ્તારમાં ૫.૫૬ કરોડ જ્યારે શહેરી વિસ્તારમાં ૪૯ લાખ વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ કુલ ૬૧ લાખ વૃક્ષારોપણ સાથે રણ-સરહદી વિસ્તારની ઓળખ ધરાવતો બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ નંબર પર છે. આ સિવાય વૃક્ષારોપણમાં અનુક્રમે તાપી જિલ્લામાં ૪૮ લાખથી વધુ, પંચમહાલમાં ૪૩ લાખથી વધુ, વલસાડમાં ૪૧ લાખથી વધુ, સાબરકાંઠામાં ૪૦ લાખથી વધુ જ્યારે ડાંગમાં ૩૫ લાખથી વધુ એમ કુલ ૩૩ જિલ્લાઓમાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર મળીને કુલ ૦૬.૦૫ કરોડથી વધુ વૃક્ષો 'એક પેડ મા કે નામ' અભિયાનમાં વાવવામાં આવ્યા છે.

વન વિભાગના સહયોગથી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતો, શૈક્ષણિક-સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ વૃક્ષ પ્રેમી નાગરિકો સ્વયંભૂ સહભાગી થઈને પોતાની માતાની યાદમાં પસંદગીનું વૃક્ષ વાવીને ગુજરાતમાં જન ભાગીદારી થકી ગ્રીન કવરમાં વધારો કરવા પોતાનું અમૂલ્ય પ્રદાન આપ્યું છે તેમ, મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું.

- જનક દેસાઈ

---

રાજુલાના સાજણાવાવ ગામની ઘટના

## સરપંચે આંગણવાડીની મહિલા કર્મચારીને બિભત્સ ઈશારા કરીને છેડતી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજુલા

ગુજરાતમાં મહિલાઓ સુરક્ષિત નથી એ વાત હવે ખરા અર્થમા સાબિત થઈ હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. રાજુલાના સાજણાવાવ ગામના સરપંચ સામે આંગણવાડીની મહિલા કર્મચારીએ છેડતીની ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજુલાના સાજણાવાવ ગામના સરપંચ પોપટ જોગરણા દ્વારા આંગણવાડીની મહિલા કર્મચારી સામે બિભત્સ ઈશારા કરી છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. આંગણવાડીની મહિલાએ સરપંચ સામે છેડતી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સરપંચ સામે છેડતીની ફરિયાદ થતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગામમાં લોકોના નેતા તરીકે ચૂંટાઈ આવનાર સરપંચ સામે છેડતીની ફરિયાદ થતાં અનેક સવાલો ઉભા થયાં છે. તાજેતરમાં આંગણવાડીની મહિલાઓને ન્યૂડકોલ કરીને હેરાનગતિ કરવાનો મામલો સામે આવ્યો હતો. હવે રાજુલાના સાજણાવાવ ગામના સરપંચ પોપટ જોગારાણા સામે આંગણવાડીની મહિલા કર્મચારીએ બિભત્સ ઈશારા કરીને છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે મહિલાની ફરિયાદને આધારે સરપંચ પોપટની ધરપકડ કરવા પોલીસે કવાયત હાથ ધરી છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૧૪, ચાંદીના વાયદામાં રૂ.૨૨૨ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭૬ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૦૭૧.૪૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૯૬૬૩.૬૪ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૪૧૨.૫૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૧૫૮ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૧૭૩૬.૧૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૦૭૧.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૯૬૬૩.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૫૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૮૮૭.૭૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૮૪૧૨.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૪૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૫૧૭ અને નીચામાં રૂ.૯૯૦૮૦ના મથાળે અથડાઈ, રૂ.૯૯૪૦૧ના આગલા બંધ સામે રૂ.૧૧૪ ઘટી રૂ.૯૯૨૮૭ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૮૯ ઘટી રૂ.૭૯૫૮૯ થયો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૫ ઘટી રૂ.૯૯૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૭ ઘટી રૂ.૯૮૮૮૩ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૨૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૩૩૮ અને નીચામાં રૂ.૯૮૮૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૨૦૭ના આગલા બંધ સામે રૂ.૧૨૧ ઘટી રૂ.૯૯૦૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૩૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૪૮૯ અને નીચામાં રૂ.૧૧૨૮૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩૫૯૨ના આગલા બંધ સામે રૂ.૨૨૨ ઘટી રૂ.૧૧૩૩૭૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૧૨ ઘટી રૂ.૧૧૩૧૯૦ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૪૯ ઘટી રૂ.૧૧૩૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૩૮.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૩૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૬૨ અને નીચામાં રૂ.૪૨૨૪ના મથાળે અથડાઈ, રૂ.૪૬ ઘટી રૂ.૪૨૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૪૭૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૭૧ અને નીચામાં રૂ.૫૪૦૧ના મથાળે અથડાઈ, રૂ.૫૪૯૨ના આગલા બંધ સામે રૂ.૭૬ ઘટી રૂ.૫૪૧૬ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૮૦ ઘટી રૂ.૫૪૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૪ ઘટી રૂ.૨૪૮.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬.૫ ઘટી રૂ.૨૪૮.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ના ભાવે ખૂલી, રૂ.૧.૭ વધી રૂ.૯૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૮૫૧.૪૭ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૫૬૧.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૯૧૩.૪૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૩.૫૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧.૬૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૯.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૪.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૪૫.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૬૮.૫૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૭.૬૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૯૪૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૯૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૩૫૫૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૦૬૩૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૯૮૧૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૧૩૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૩૮૧૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૧૬૬૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૭૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૮૭૮૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૫૧૬૧૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૧૩૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૨૦૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૧૩૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૩ પોઈન્ટ ઘટી ૨૩૧૫૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૪ ઘટી રૂ.૧૬૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૫.૮૫ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩.૫ ઘટી રૂ.૫૨૮ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૨ ઘટી રૂ.૬૫૭.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૨૭ ઘટી રૂ.૩.૨૪ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૦.૪૨ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮.૪ ઘટી રૂ.૧૬૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૪૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮ ઘટી રૂ.૮.૪૫ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭.૫ ઘટી રૂ.૩૫૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૦૧.૫ ઘટી રૂ.૧૮૬ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૫ વધી રૂ.૨૪૫.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬૫ વધી રૂ.૮.૨ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧.૫ ઘટી રૂ.૭૨૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૩.૫ ઘટી રૂ.૧૦૭૯ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ વધી રૂ.૫.૭૨ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા ઘટી રૂ.૦.૩ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૧.૬ વધી રૂ.૧૯૧.૧૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮ વધી રૂ.૮.૨૫ થયો હતો. સોનું-મિની ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦.૫ વધી રૂ.૮૬૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૧ ઘટી રૂ.૯૯ના ભાવે બોલાયો હતો.

## સુરતના અમરોલીમાં શિક્ષિકાએ સાસરિયાના ત્રાસથી ઝેરી દવા ગટગટાવી: ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના અમરોલીમાં શિક્ષિકાએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. સાસરીયાના ત્રાસથી ૩૩ વર્ષીય શિક્ષિકાનો આપઘાત કર્યો છે. આરતી નારોલાએ ઝેરી દવા પી આપઘાત કર્યો છે. નણંદ,સાસુ અને સસરા ત્રાસ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે અમરોલી પોલીસે ફરિયાદ લઈ વધુ તપાસ હાથ ધરી છે. અમરોલીમાં સાસરિયાના ત્રાસથી પરણિતાએ આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. ૩૩ વર્ષય શિક્ષિકા આરતીં નારોલાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બે નણંદ સાસુ- સસરા દ્વારા માનસિક ત્રાસ આપી અત્યાચાર ગુજારવામાં આવતો હતો. જેથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું છે.પતિ દ્વારા પણ ત્રાસ આપવામાં આવતો હોવાનો પરિવારનો પોલીસ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. પતિ નિલેશ નારોલા ફિઝ્યોથેરેપીનું ક્લિનિક ચલાવે છે. સમગ્ર મામલે મૃતકના પરિવારની અમરોલી પોલીસે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે આપઘાત દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે.

### ટિકિટોની બુકિંગ ૨૦ ઑગસ્ટ (બુધવાર)થી શરૂ થશે

## ભાવનગર મંડળમાંથી પસાર થતી ભાવનગર–બાન્દ્રા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન હવે ૨૫ ડિસેમ્બર સુધી ચાલશે

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રિયોની સુવિધા માટે ભાવનગર મંડળના ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી દર ગુરુવારે ચાલતી ભાવનગર–બાન્દ્રા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરાનો વિસ્તરણ કરવાનો નિર્ણય લેવાયો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર ટ્રેન નંબર ૦૯૨૦૭ બાન્દ્રા ટર્મિનસ–ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ, જેને અગાઉ ૧૫ ઑગસ્ટ, ૨૦૨૫ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, હવે તેને ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી વધારી દેવામાં આવી છે. આ ટ્રેન બાન્દ્રા ટર્મિનસ સ્ટેશનથી દર શુક્રવારે સવારે ૦૯.૩૦ કલાકે પ્રસ્થાન કરે છે અને તે જ દિવસે રાત્રે ૨૩.૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચે છે.તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર ટર્મિનસ–બાન્દ્રા ટર્મિનસ સ્પેશિયલ, જેને અગાઉ ૧૪ ઑગસ્ટ, ૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી વધારી દેવામાં આવી છે. આ ટ્રેન ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી દર ગુરુવારે બપોરે ૧૪.૫૦ કલાકે પ્રસ્થાન કરે છે અને બીજા દિવસે સવારે ૦૬.૦૦ કલાકે બાન્દ્રા ટર્મિનસ પહોંચે છે.

ટ્રેન નંબર ૦૯૨૦૮/૦૯૨૦૭ ની બુકિંગ ૨૦ ઑગસ્ટ, ૨૦૨૫ (બુધવાર)થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના સ્ટોપેજ, સમય અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry. indianrail. gov.in પર અવલોકન કરી શકે છે.

## ગાંધીનગરમાં માજી સૈનિકોનુ આંદોલન ૨૩ માં દિવસે પણ યથાવત: મહારેલી યોજે તે પહેલા જ પોલીસ દ્વારા ૬૦ થી વધુની અટકાયત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરના સેકટર ૬ સત્યાગ્રહ છાવણી ખાતે માજી સૈનિકો દ્વારા ચાલી રહેલુ આંદલોન આજે મંગળવારે ૨૩ માં દિવસે પણ યથાવત રહ્યુ હતું. માજી સૈનિકો અને ગુજરાત માજી સૈનિક સંગઠન દ્વારા સૈનિક અધિકારી મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જો કે રેલી પહેલા જ પોલીસે કાર્યવાહી કરીને ૬૦ થી વધુ માજી સૈનિકોની અટકાયત કરી હતી. આ કાર્યવાહી અંગે ડીવાયએસપીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મહારેલી માટે પરવાનગી આપવામાં આવી ન હતી.

મળતી માહિતી પ્રમાણે મહારેલી યોજાય તે પહેલા જ આજે મંગળવારે વહેલી સવારથી સત્યાગ્રહ છાવણી પોલીસ છાવણીમાં ફેરવાઈ ગઈ હતી. શહેરના પ્રવેશ માર્ગો પર ચુસ્ત નાકાબંધી ગોઠવી દેવામાં આવી હતી અને તમામ વાહનોને ચેક કરીને જ શહેરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો.

પોલીસે અલગ અલગ નાકા પોઈન્ટ પરથી માજી સૈનિકોને ડીટેઈન કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. ડીવાયએસપી ડી ટી ગોહિલે જણાવ્યુ હતુ કે માજી સૈનિકોને મહારેલીની પરમીશન આપવામાં આવી નથી. જેના કારણે તેમને ડીટેઈન કરવામાં આવી રહ્યા છે.

મહારેલીના પગલે અધિકારીઓ સહિત ૫૦૦ જેટલા પોલીસ જવાનોને અલગ અલગ સ્થળોએ ફરજ સોંપવામાં આવી હતી. સચિવાલય માર્ગો પર પણ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અને વાહનોની અવર જવરને પ્રતિબંધિત કરવામાં આવી હતી. દરેક



વાહન ચાલકનુ આઈકાર્ડ ચેકીંગ ફરજીયાત કરવામાં આવ્યુ હતું.

માજી સૈનિક સેવા સંગઠનના પ્રમુખ જીતેન્દ્ર નિમાવતે જણાવ્યુ હતુ કે સરકાર તરફથી કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતા ૫ સૈનિકો પ્રતિક ઉપવાસ પર બેઠા છે. આજે મંગળવારે મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જે સત્યાગ્રહ છાવણીથી શરૂ થઈ સચિવાલય અને કોબા કમલમ સુધી ગયુ હતુ અને પરત છાવણી પર ફરવાનુ હતું. આક્ષેપ છે કે અનામતના નિયમો હોવા છતાં તેનુ યોગ્ય પાલન થતુ નથી જેના કારણે અનેક વિસંગતતાઓ સર્જાય છે.

## ભાવનગર રેલવે મંડળમાં ચલાવવામા આવી રહ્યું છે સઘન સ્વચ્છતા અભિયાન (ફેઝ–II)




પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે મંડળ પર "સ્વચ્છતા અભિયાન – ૨૦૨૫ (ફેઝ–II)" અંતર્ગત સઘન સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન ૧૬ ઓગસ્ટ, ૨૦૨૫થી સમગ્ર ભાવનગર મંડળ પર ચાલી રહ્યું છે. મંડળના વેરાવળ, ધોળા, જામજોધપુર, ભાણવડ, ભાવનગર ટર્મિનસ વગેરે રેલવે સ્ટેશનોના પરિસરો, કોલોનીઓ, પાટા વગેરે પર વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું, જ્યાં રેલવે કર્મચારીઓ તથા સફાઈ કર્મચારીઓએ મળી સ્વચ્છતાના મહત્વને પ્રોત્સાહન આપવા વ્યાપક સફાઈ કાર્ય કરી "સ્વચ્છતા અભિયાન ૨૦૨૫"નું સફળ આયોજન કર્યું. ભાવનગર ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર આ અભિયાનનો હેતુ રેલવે પરિસરો, પ્લેટફોર્મો, ટ્રેનો અને કચેરીઓમાં સ્વચ્છતાના સ્તરને વધુ સુધારવો તથા મુસાફરોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવી છે. ભાવનગર મંડળ સાંસ્કૃતિક સંઘ દ્વારા મંડળના સ્ટેશનો પર રેલ મુસાફરો અને કર્મચારીઓને શેરી નાટક દ્વારા પણ સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.અભિયાન હેઠળ-

- સ્ટેશન પરિસર, મુસાફર પ્રતીક્ષાલય, શૌચાલય, પ્લેટફોર્મ અને પાટાઓની ગહન સફાઈ કરવામાં આવી રહી છે
- મુસાફરોને પોલિથિનના ઉપયોગથી બચવા અને કચરો નક્કી કરેલા ડબ્બામાં જ નાખવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.
- અનાવશ્યક કબાડ અને બેકાર સામગ્રીની ઓળખ કરી તેનો નિકાલ.
- કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે પ્રેરણાત્મક વાતચીત.
- કચરાનું વિભાજન, ભીનું/સુકું કચરાનું નિકાલ અંગે માહિતી આપવામાં આવી

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ સ્વચ્છતાનો સંદેશ આપતા જણાવ્યું કે, "સ્વચ્છતા માત્ર એક દિવસનો કાર્યક્રમ નથી, આ આપણી જવાબદારી છે અને આ આપણી આદત બની જવી જોઈએ. મુસાફરો તથા કર્મચારીઓ મળી રેલવેને સ્વચ્છ અને સુંદર બનાવે." તેમણે મુસાફરોને અપીલ કરી છે કે તેઓ ટ્રેન અને સ્ટેશન પરિસરને સ્વચ્છ રાખવામાં પોતાનો ફાળો આપે અને આ અભિયાનને સતત રુપ થી સફળ બનાવે.

## પુત્રવધુને શિક્ષણ સહાયકની નોકરી અપાવવા માટે ગાંધીનગર શિક્ષણ સહાયકની ભરતી આંદોલનમાં સાસુ જોડાયા

### સાસુ-વહુને નોકરી મળે તે માટે આંદોલનમાં જોડાયા: જામનગરથી ઉમેદવાર વહુ સાથે સાસુ પણ આંદોલનમાં ઉમટી પડયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં શિક્ષણ સહાયકોની ભરતીનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. તાજેતરમાં ધો. ૯ થી ૧૨ માં શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ ઉમેદવારો બીજા રાઉન્ડમાં ભરતીની માંગ સાથે ગાંધીનગર ઉમટી પડયા હતા. ઉમેદવારોએ વિદ્યા સમિક્ષા કેન્દ્ર ખાતે જઈ ભરતી કરવા માંગ કરી હતી. આ દરમિયાન શિક્ષકોની




ભરતીના આંદોલનમાં વહુ સાથે સાસુ પણ જોડાયા હતા અને પોતાની પુત્ર વધુને નોકરી મળે તે માટે આંદોલનમાં જોડાયા હતા. શિક્ષણ સહાયકોની ભરતી કરવા મુદ્દે ઉમેદવારો આંદોલન પર ઉતર્યા છે. ઉમેદવારોએ આજે મંગળવારે ગાંધીનગર ખાતે વિદ્યા સમિક્ષા કેન્દ્ર ખાતે ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. બેનરો સાથે ઉમટેલા ઉમેદવારોએ શિક્ષણ સહાયકની ભરતીની માંગ કરી હતી. ધો. ૯ થી ૧૨ માં ખાલી જગ્યાઓ ભરવા માટે ઉમેદવારોએ માંગ કરી હતી. આ આંદોલનમાં વહુ સાથે સાસુ પણ જોડાયા હતા. સાસુ વહુને નોકરી મળે તે માટે આંદોલનમાં જોડાયા હતા. જામનગરથી ઉમેદવાર વહુ સાથે સાસુ પણ ગાંધીનગર આવ્યા હતા, સાસુ એ કહ્યુ હતુ કે આ મારી વહુ નહી પણ મારી દિકરી છે. તેણે ભણી ગણી ને પરીક્ષાઓ પાસ કરી છે. સરકારે નોકરી આપવી જોઈએ, સમગ્ર રાજયમાંથી આવેલા ઉમેદવારોએ હાથમાં બેનર લઈને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. વિદ્યા સમિક્ષા કેન્દ્ર ખાતે ઉમટેલા ઉમેદવારોએ ધો.૯ થી ૧૨ માં ખાલી પડેલી શિક્ષણ સહાયકની જગ્યાઓ પર ભરતી કરવા માટે માંગ કરી હતી.

## ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની તા. ૨૧ મી એ બેઠક: જુની પેન્શન યોજના સહિતના પ્રશ્નોને લઈ કર્મચારીઓ ફરી મેદાનમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના કર્મચારીઓ તેમના લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈને ફરી એકવાર સરકાર સામે બાંયો ચડાવવા તૈયાર થયા છે. જુની પેન્શન યોજના (ઓપીએસ) ફરીથી લાગુ કરવાની માંગ, ફીક્સ પગારની નીતી દુર કરવી અને ૮માં પગારપંચની રચના જેવા મુખ્ય મુદ્દાઓને લઈને કર્મચારીઓ આંદોલન રણસીંગુ ફુંકવા જઈ રહ્યા છે. સરકાર સાથે અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ ન મળતા, કર્મચારી સંગઠનોએ હવે સીધા સંઘર્ષનો માર્ગ અપનાવવાનુ નક્કી કર્યુ છે.

આ આંદોલનની રણનીતી ઘડવા માટે આગામી તા. ૨૧ ઓગસ્ટ ગુરૂવારે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની એક મહત્વપૂર્વક બેઠક મળનાર છે. આ બેઠકમાં રાજયભરમાંથી વિવિધ કર્મચારી સંગઠનોના પ્રતિનિધિઓ હાજર રહેશે અને આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરશે. શકય છે કે આ બેઠકમાં આંદોલનના કાર્યક્રમો જેવા કે દેખાવો, પ્રદર્શનો અને હડતાળ અંગે નિર્ણય લેવામાં આવે, કર્મચારીઓનુ માનવુ છે કે સરકારની ઉદાસીનતાને કારણે તેમને કાયમી ધોરણે નુકશાન થઈ રહ્યુ છે. આ મુદ્દાઓને લઈને ભુતકાળમાં પણ અનેકવાર આંદોલનો થયા છે પરંતુ સરકાર તરફથી માત્ર આશ્વાસનો મળ્યા છે. જેનાથી કર્મચારીઓમાં ભારે રોષ છે, કર્મચારીઓનુ કહેવુ છે કે જયાં સુધી તેમની માંગણીઓ સંતોષવામાં નહી આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. આ આગામી મોરચો સરકાર માટે એક મોટો પડકાર સાબિત થઈ શકે છે. કારણ કે કર્મચારીઓ તેમના હક્કો માટે લડવા માટે પ્રતિબધ્ધ છે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્યો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ક્રમ નં. 1 ને આમંત્રણ આપે છે. ઈ-ટેન્ડર સૂચના નં. 1. ઈ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/182 તા. 14/08/2025. કાર્યઅને સ્થાન: કોલાબા-: BP : 24 મહિના માટે બોર વોટરની સારવાર માટે બંધવાર પાર્ક ખાતે અસ્તિત્વમાં રહેલા રિવર્સ ઓસ્મોસિસ પ્લાન્ટ માટે કરાર પર દૈનિક કામગીરી. અંદાજિત કામની કિંમત: રૂ. 25,53,184.08. EMD: રૂ. 51,100/ -. ક્રમ નં. 2. ઈ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/183 તા. 14/08/2025. કાર્ય અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન: પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન પર ફ્લેશ બટ વેલ્ડ્સનું તબક્કાવાર એરે USFD પરીક્ષણ (PAUT). કાર્યનો અંદાજિત ખર્ચ: રૂ. 10,81,78,572/-. EMD: રૂ. 6,90,900/-. બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.09.09.2025 ના 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 09.09.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in પર મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

0504

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે - રાજકોટ વિભાગ**

**શુધ્ધિપત્ર**

**વિષય:** સમાન પ્રકારના કામ માટે શુદ્ધિપત્ર રાજકોટ વિભાગ :- ખંઢેરી-પડધરી વિભાગ (2-લેન) વચ્ચે કિમી 755/0-1 પર અને પડધરી-ચાણોલ વિભાગ (2-લેન) વચ્ચે કિમી 770/770/1-2 પર LC નં. 135 ના બદલે ROB પૂરું પાડવું.

**સંદર્ભ:** ટેન્ડર નંબર: RJT-GSU-25-26LC-135 અને 147 તારીખ 13.08.2025.

ટેન્ડર દસ્તાવેજ પાના નં. 26 પેરા નં. 10 માં બતાવ્યા પ્રમાણે સમાન પ્રકારના કામ નીચે મુજબ વાંચી શકાય છે:-

| ક્રમ નં. | NIT માં બતાવ્યા પ્રમાણે | ટેન્ડર દસ્તાવેજ મુજબ વાંચવા માટે |
|---|---|---|
| 1. | ઊંડા પાયા (ખૂંટો/કુવો) સાથે 12.2 મીટર કે તેથી વધુના સ્પષ્ટ સ્પાનના રેલ/રોડ બ્રિજના કામ સાથે સંકળાયેલ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય. | ખુલ્લા પાયા/ઊંડા પાયા (ખૂંટો/કુવો) સાથે 12.2 મીટર કે તેથી વધુના સ્પષ્ટ સ્પાનવાળા રેલ/રોડ બ્રિજના કામ સાથે સંકળાયેલ કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય [સત્તા: WR/HQ પત્ર નં. WR-HQ0ENGG(WWSN)/1/2020 તા. 23.12.2020-ક્રમ નં. 3.2] |

કૃપા કરીને, ઉપરના આ પત્રમાં ઉલ્લેખિત કાર્યના સમાન પ્રકાર વાંચો.

RJT-101

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# હિંમતનગર નગરપાલિકાના વીજ બીલ બાકી નાણાંના છપાયેલ સમાચારો સત્યથી વેગળા

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની ૧૪૭ જેટલી નગરપાલિકાઓ માં વીજ બીલના બાકી નાણાં હોવાના સમાચારો જાણીતા અખબારોમાં છપાતા હિંમતનગર નગરપાલિકા દ્વારા ચોંકી ઉઠેલા ચીફ ઓફીસર ગઢવી દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે આ છપાયેલ સમાચારો જે સત્યથી વેગળા છે.





ગુજરાત સમાચારના દૈનિક પેપરમાં આજે તા. ૧૯/૮/૨૦૨૫ ના રોજ છપાયેલ હિંમતનગર નગરપાલિકાની બાકી વીજ બીલ બાબતે છપાયેલ સમાચાર માં રૂપીયા ૭૫ કરોડ નગરપાલિકાએ જીઈબીને ચુકવવાના બાકી છે તે સમાચાર અન્વયે નગરપાલિકાના પ્રમુખ ને છપાયેલ સમાચાર બાબતે શહેરીજનો દ્વારા પુછપરછ કરવામાં આવી હતી જે અન્વયે હિંમતનગર નગરપાલિકા દ્વારા ચાલુ વીજ બીલની બાકી રકમ સિવાય કોઈપણ રકમ બાકીમાં નથી, જે બાબતે આજે મંગળવારે ગુજરાત વીજ કંપની લીમીટેડને સદર રકમ બાબતે દૈનિક પેપરમાં આવેલ સમાચાર અન્વયે લેખિતમાં ખુલાસો કરવાનુ જણાવ્યુ હતું. જે બાબતે વીજ કંપની દ્વારા ચાલુ બાકી સિવાય કોઈપણ વીજ બીલની રકમ હિંમતનગર નગરપાલિકા પાસે ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડને લેવાની રહેતી નથી, તે બાબતનો લેખિત ખુલાસો હિંમતનગર નગરપાલિકાને આપવામાં આવ્યો છે. જે અન્વયે દૈનિક પેપરોમાં આવેલા સમાચારો સત્યથી વેગળા હોવાનુ ખાતાના વડા મહેકમ વિભાગ દ્વારા અખબારી યાદી જાહેર કરવામાં આવી છે.

# રાજયની શાળાઓમાં જ્ઞાન સહાયકોની નિમણુંક માટે ઓનલાઈન અરજી પ્રક્રિયાનો પ્રારંભઃ ઉમેદવારો તા. ૨૬ સુધી રજીસ્ટ્રેશન કરી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની નિમણુંક માટે આજે મંગળવાર થી ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહીનો પ્રારંભ થયો છે. ઉમેદવારો તા. ૨૬ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમેદવારો તરફથી અરજી મળ્યા બાદ પસંદગી યાદી જાહેર કરી નિમણુંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.




રાજયના શિક્ષણ વિભાગે પ્રવાસી શિક્ષક યોજના રદ કર્યા બાદ શાળાઓમાં કાયમી શિક્ષકોની જગ્યા ન ભરાય ત્યાં સુધી જ્ઞાન સહાયકના માધ્યમથી શિક્ષણ આપવાનુ નકકી કર્યુ હતું. આ માટે ગત વરસે જ્ઞાન સહાયકોની પસંદગી કરવામાં આવ્યા બાદ ચાલુ વરસે ઘણા જ્ઞાનસહાયકોના કરાર રીન્યુ કરવામાં આવ્યા હતા. જો કે આમ છતાં રાજયની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી હોવાથી ત્યાં જ્ઞાન સહાયકોની ભરતી મામલે અનેક રજુઆતો કરવામાં આવી હતી. જેને લઈ હવે આ જગ્યા પર જ્ઞાન સહાયકોની નિમણુંકને લઈને કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. શિક્ષણ વિભાગ અંતર્ગત રાજયની સરકારી અને બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજના માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારીત જ્ઞાન સહાયક-માધ્યમિક અને જ્ઞાન સહાયક-ઉચ્ચત્તર માધ્યમિક ની જગ્યાઓની ભરતી માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી આજે તા. ૧૯ ઓગસ્ટ મંગળવારથી ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ જગ્યાઓ માટે ઉમેદવારની વય મર્યાદા ઓનલાઈન અરજી કરવાની તારીખ સુધીની રહેશે, પ્રાથમિકમાં જ્ઞાન સહાયકની નિમણુંક માટે ૪૦ વરસની વયમર્યાદા નકકી કરવામાં આવી છે. જયારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં જ્ઞાન સહાયકની નિમણુંક માટે ૪૫ વરસની વયમર્યાદા નકકી કરાઈ છે. પ્રાથમિકમાં માસિક રૂપીયા ૨૧ હજારનુ મહેનતાણું મળશે. જયારે માધ્યમિક માં રૂપીયા ૨૪ હજાર અને ઉચ્ચત્તર માધ્યમિકમાં રૂપીયા ૨૬ હજારનુ મહેનતાણું નકકી કરાયુ છે.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓનલાઈન કરેલી અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનુ રહેશે.

# ગુજરાતમાં અનેક નગરપાલિકાઓની કંગાળ સ્થિતિઃ વીજ બીલ ભરવા માટે પુરતા નાણાં નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયની નગરપાલિકાઓ હાલ ગંભીર આર્થિક તંગીની સામે ઝઝુમી રહી છે. રાજયની ૧૪૭ નગરપાલિકાઓના ભંડોળ ખાલી થવાની નજીક છે અને કેટલીક પાસે તો વીજ ભરવા માટે પણ પુરતુ ભંડોળ પણ ઉપલબ્ધ નથી. નગરપાલિકાઓના માથે કુલ રૂપીયા ૪૧૭૫ કરોડથી વધુના વીજ બીલની બાકી રકમ છે. જે ઘણી મોટી રકમ ગણાય છે, આર્થિક મુશ્કેલીઓનુ મુખ્ય કારણ નગરપાલિકાઓ દ્વારા પુરતી આવક ન ઉભી થવી છે.



નગરપાલિકાઓ પાસે આવકના સ્ત્રોત હોવા છતાં તેઓ સમયસર કરવેરા(ટેક્ષ) વસુલવામાં નિષ્ફળ જાય છે. તેનુ મુખ્ય કારણ રાજકીય દબાણ છે, જેના કારણે કડક પગલા લેવાતા નથી અને લોકો વેરો નહી ભરે તો પણ તેમની સામે કોઈ કાર્યવાહી થતી નથી. આવી ઢીલી કામગીરીના કારણે નગરપાલિકાની તીજોરીમાં પૈસા જમા થતા નથી અને પરીણામે દૈનિક ખર્ચો ચાલવો મુશ્કેલ બની રહ્યો છે. રાજયની અનેક નગરપાલિકાઓ જેમ કે ભરૂચ, ભુજ, જેતપુર, ધોળકા, પાટણ, બોટાદ, પાલનપુર, કડી, દાહોદ, અંજાર, નખત્રાણા, કેશોદ, ઈડર જેવી નગરપાલિકાઓ પાસે વીજ બીલ ભરવાની પણ સક્ષમતા નથી. આ સ્થિતિ એટલી વણસી ગઈ છે કે કેટલીક નગરપાલિકાઓ કર્મચારીઓને વેતન ચુકવવામાં પણ અસમર્થ છે.

વીજ કંપનીઓએ આ પરીસ્થિતિને ગંભીરતાથી લેતા હવે નરગપાલિકાઓને નોટીસો પાઠવી છે તેમને સુચના આપવામાં આવી છે કે સમયસર વીજ બીલ ભરવામાં નહી આવે તો નગરમાં સ્ટ્રીટ લાઈટોની વીજળી કાપી નાખવામાં આવશે. આવી ચેતવણી વીજ કંપનીઓ દ્વારા અપાઈ છે. જેના કારણે નગરપાલિકાઓની ચિંતા વધી ગઈ છે. આર્થિક મજબુતી લાવવા માટે નગરપાલિકાઓએ હવે કરવેરા વસુલવામાં ગંભીરતા દાખવવી પડશે. જો સમયસર પગલા ન લેવામાં આવે તો શહેરની જનસેવામાં વિક્ષેપ આવી શકે છે. વિજળી ન હોવાના કારણે સ્ટ્રીટ લાઈટ બંધ થઈ શકે છે. જેના કારણે રાત્રીના સમયે રસ્તાઓ પર અંધારૂ છવાઈ શકે છે અને જાહેર સુરક્ષાની સમસ્યા ઉભી થઈ શકે છે. રાજય સરકારે અને નગરપાલિકાઓએ સાથે મળીને આર્થિક સંકટમાંથી બહાર આવવા માટે યોજના તૈયાર કરવાની જરૂર છે. નહી તો આગામી સમયમાં નગરપાલિકાઓને ચલાવવી અશકય બની શકે છે.

# દેશમાં વોટ ચોરી બાદ ગુજરાતમાં કોંગ્રેસનો પ્લોટ ચોરીનો આરોપ : કોંગ્રેસે ભાજપ સરકાર પર કર્યા આકરા પ્રહાર

## ભાજપ સરકારે ગરીબ પ્રજાને યોજનાના લાભથી રાખ્યા વંચિતઃ સરકારી પ્લોટની માહિતી સરકાર પાસે હોતી જ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

હાલ સમગ્ર દેશમાં રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ચુંટણીપંચ પર આકરા પ્રહારો કરી વોટ ચોરીનો આરોપ મુકયો છે ત્યારે અમદાવાદમાં કોંગ્રેસ નેતા હેમાંગ રાવલે રાજય સરકાર અને ઔડા ને આડે હાથ લઈ પ્લોટ ચોરીનો આરોપ મુકયો છે. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતમાં પ્લોટ ચોરી થઈ રહી છે. ભાજપ સરકારે ૫૦ લાખ લોકો માટે ઘરનુ ઘર આપવાની જાહેરાત માત્ર કાગળ પર કરી હોય તેવુ લાગી રહ્યુ છે. કોંગી નેતા હેમાંગ રાવલે સરકાર પર પ્લોટ ચોરીનો આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે ભાજપ સરકારે ૫૦ લાખ લોકો માટે ઘરનુ ઘર આપવાની જાહેરાત કરી હતી. આર્થિક રીતે નબળા લોકો માટે શહેરોમાં ટીપી સ્કીમ બનાવવાની હતી પણ સરકારે ગરીબ પ્રજાને આ યોજનાના લાભથી વંચિત રાખ્યા છે. અમદાવાદ ખાતે ઔડાના મકાનો માટે પ્લોટ આરક્ષિત કરવામાં આવતા હોય છે. પણ આ પ્લોટ તો ભુમાફીયા લઈ લે છે, જિલ્લામાં સિંગરવા અને દસ્ક્રોઈ ખાતે જમીન કૌભાંડ થયુ છે. રાજયમાં ગરીબો માટેના પ્લોટ તો નેતાઓ અને અધિકારીઓ ચોરી કરી રહ્યા છે. સરકારી પ્લોટની માહિતી સરકાર પાસે હોતી જ નથી, જેથી ભુમાફીયાઓને પ્લોટ ચોરી કરવામાં મોકળુ મેદાન મળી જાય છે. પ્રજા સામે અમે આ પ્લોટ ચોરીની જાહેરાત મોટા પાયે કરીશુ તેવુ કોંગી પ્રવકતા હેમાંગ રાવલે જણાવ્યુ હતું. અમે આ ગંભીર મુદ્દે ગરીબોના હક્ક માટે લડીશુ, સાથે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હીતની અરજી કરી ન્યાય અપાવીશું.



### એક રીવોલ્વર અને જીવતા કારતુસ સાથે આરોપીને ઝડપી લેવાયો

# અરવલ્લી જિલ્લાના માલપુરમાં પોષડોડાનો જથ્થો લઈને જતા શખ્સે પોલીસ પર કર્યુ ફાયરીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં વિદેશી દારૂ સહિત માદક દ્રવ્યો ની હેરાફેરી અને વેચાણના કિસ્સા વધુ પ્રમાણમાં થઈ રહ્યા છે. તો બીજી તરફ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા પણ કથળી છે. દિનદહાડે લુંટ, બળાત્કાર, હત્યા અને અસંખ્ય ગુન્હાઓનુ પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. તેમજ માદક પદાર્થોનુ ઘુષણખોરીનુ પ્રમાણ પણ વધી રહ્યુ છે..



અરવલ્લી જિલ્લાના માલપુરમાં પોષ ડોડા લઈને જતા શખ્સને પકડવા ગયેલી પોલીસ પર શખ્સે એક રાઉન્ડ ફાયરીંગ કર્યુ હોવાનો બનાવ બનવા પામ્યો હતો. પોષડોડા નો જથ્થો લઈને જતા પોલીસે ગાડીને ઘેરી લીધી હતી ત્યારે આરોપી શખ્સે પોલીસ પર ફાયરીંગ કર્યુ હતું. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ અરવલ્લી જિલ્લાના માલપુરમાં પોષડોડાનો જથ્થો લઈને જતા શખ્સને પકડવા માટે પોલીસ સક્રિય થઈ હતી. ગલીયાદાંતી ટોલનાકા થી પોલીસે આરોપીની ગાડીનો પીછો કરી ગાડીને ઘેરી લીધી હતી. આ દરમિયાન આરોપીએ પોલીસ પર એક રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. પોલીસે આખરે ફાયરીંગ કરનાર આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી ૧૩.૧૨ લાખની કિંમતના ૪૩૭ કિલો પોષડોડાનો જથ્થો ઝડપી લીધો હતો. આ દરમિયાન એક આરોપી નાસી છુટયો હતો. અરવલ્લી જિલ્લાના માલપુરમાં માદક પદાર્થ પોષડોડા લઈને જતા શખ્સ પાસેથી પોલીસે એક રીવોલ્વર અને એક જીવતો કારતુસ કબ્જે કર્યો હતો. માલપુર પોલીસને મારી નાખવાના આશયથી ફાયરીંગ કરનાર શખ્સની ધરપકડ કરાઈ છે. જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને માલપુર પોલીસની સંયુકત ટીમમાં પોલીસની જાનહાની ટળી હતી. હાલ આરોપી શખ્સને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યો છે.

# રાજકોટમાં જન્માષ્ટમીની રથયાત્રામાં ભાજપનો એકેય નેતા ફરકયો નહી : માત્ર ધારાસભ્ય ઉદય કાનગડ ની હાજરી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં જન્માષ્ટમી ઉત્સવ ધામધુમ પૂર્વક સંપન્ન થયો હતો. ભગવાન શ્રીકૃષ્ણની વિશાળ રથયાત્રા મંદિરોમાં જન્મોત્સવ મટકીફોડ જેવા કાર્યક્રમો સાથે ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. ત્યારે રથયાત્રાના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત ભાજપના નેતાઓ રથયાત્રાથી દુર રહ્યા હતા. હિદુત્વની વાતો કરતા ભાજપના એકેય નેતાઓ રથયાત્રામાં ન દેખાતા ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. આ રથયાત્રામાં એક માત્ર ધારાસભ્ય ઉદય કાનગડે સમાપન કાર્યક્રમમાં હાજરી આપી હતી. દર વરસે રથયાત્રાની હેડ લાઈનમાં ચમકતા ભાજપ નેતાઓની આ દુરીઓ અનેકવીધ રાજકીય ચર્ચા જગાવી છે.



રાજકોટમાં જન્માષ્ટમીની રથયાત્રાનો પ્રારંભ કરાવવાનુ શ્રેય જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) વિશ્વ હિન્દુ પરીષદ તથા ભાજપ સાથે સંકળાયેલા નેતાઓના ફાળે જાય છે. તેમના દ્વારા જ સૌપ્રથમ રથયાત્રા શરૂ કરવામાં આવી હતી અને સતત ૩૯ વરસથી આ પરંપરા ચાલી રહી હતી. દર વરસે રથયાત્રાના પ્રસ્થાન વખતે યોજાતી એક કલાકની ધર્મસભામાં ભાજપ નેતાઓની અચુક હાજરી હોય છે. તેઓ પ્રવચન પણ કરતા હોય છે, સમગ્ર રૂટ પર વોર્ડ વાઈઝ કોર્પોરેટરો અને આગેવાનો સ્વાગત કરતા હોય છે. પરંતુ આ વખતે આવા કોઈ દ્રશ્યો જોવા મળ્યા ન હતા. રથયાત્રા તથા સંઘ સાથે સંકળાયેલા જ સુત્રોએ કહ્યુ હતુ કે આ વખતે મવડી ચોકડીએથી રથયાત્રાનુ પ્રસ્થાન મવડી ચોકડીએથી થયુ હતું. આ ક્ષેત્ર વોર્ડ નં. ૧૧, ૧૨ અને ૧૩ એમ ૩ વોર્ડ ને લાગુ પડે છે. પરંતુ પૂર્વ મેયર સહિત કોઈ કોર્પોરેટર ફરકયા ન હતા કે ભાજપના કોઈ સંગઠન નેતા પણ હાજર ન હતા આ સિવાય રૂટ પર ભાજપ દ્વારા ઠેક ઠેકાણે સ્વાગત કરવામાં આવતુ હોય છે. પરંતુ આ વખતે તેમાં પણ ગેર હાજરી હતી. રથયાત્રા સમાપન સામાકાંઠે થયુ હતુ તેમાં પણ ભાજપના એક માત્ર નેતા ધારાસભ્ય ઉદય કાનગડ જ નજરે પડયા હતા. વાવડી ના રાજદીપસિંહ જાડેજા હતા પરંતુ તેઓને રથયાત્રા અધ્યક્ષ બનાવાયા હોવાથી તે દરજજે ઉપસ્થિત હતા.

તો બીજી તરફ કોંગ્રેસના નેતાઓએ રથયાત્રાના સ્વાગતની પરંપરા જાળવી રાખવી હતી અને કિસાનપરા ચોકમાં ફુલહારથી સ્વાગત કરીને થોડો વખત સામેલ થયા હતા આ રથયાત્રા સંઘ અને વિહીપ પ્રેરીત હોવાથી નરેન્દ્ર દવે સહિતના આગેવાનો પણ ઉપસ્થિત હતા. માત્ર ભાજપના જ શાસક કે સંગઠનના કોઈ હોદેદારો અને નેતાઓ ઉપસ્થિત રહ્યા ન હતા.

રાજકારણમાં ભાજપનો હિન્દુવાદ જાણીતો છે અને ભાજપને સત્તા સુધી પહોંચાડવામાં ઘણા અંશે હિન્દુવાદ જ નિમિત બનતો રહ્યો છે. તેવા સમયે સૌથી મોટા તહેવારો પૈકીના એક એવા કૃષ્ણ જન્મોત્સવની શોભાયાત્રામાં ભાજપ નેતાઓની ગેરહાજરી રાજકીય ચર્ચાનો મુદ્દો બની છે. ભાજપ દ્વારા રથયાત્રામાં હાજરી ન આપવા વિશે ગાઈડલાઈન આપવામાં આવી હતી કે કેમ તે વિશે પણ અટકળો છે. રથયાત્રા સાથે સંકળાયેલા એક નેતાએ તો એવુ પણ કહ્યુ કે સામાકાંઠે સમાપન સમારોહમાં ધારાસભ્ય ઉદય કાનગડ ભાજપના નેતા તરીકે આવ્યા હતા કે સામાકાંઠાના આગેવાન તરીકે ? તેવો પણ સવાલ ઉઠયો હતો. ભાજપના નેતાઓ લોકોની વધુ સંખ્યા થતી હોય તેવા કાર્યક્રમોમાં હાજરી આપવા વ્યકિતગત અને પક્ષનો પ્રચાર કરતા લાઈમલાઈટ મેળવવા જાણીતા છે અને આવી કોઈપણ તક ચુકતા નથી તેવા સમયે રથયાત્રામાં ગેરહાજરી અનેકવીધ તર્ક વિતર્ક સર્જી રહી છે. ખાસ કરીને ગુજરાતમાં આવતા મહિનાઓમાં કોર્પોરેશન અને પંચાયતોની ચુંટણીઓ યોજાવવાની છે. તેવા સમયે આ ઘટના સુચક છે. ગુજરાતમાં લાંબા સમયથી પ્રદેશ પ્રમુખથી માંડીને સંગઠન નિમણુંકો અટકેલી છે જેને લઈ ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં પણ નારાજગી વર્તાઈ છે.

રાજકોટમાં પણ ભાજપ પ્રમુખની નિયુકિત થઈ ગયા બાદ હજુ સંગઠનનુ માળખુ રચાયુ નથી, આ મામલે પણ ઘણા વખતથી પક્ષમાં જ આંતરીક પ્રત્યાઘાતો છે તેવા સમયે જન્માષ્ટમી રથયાત્રામાં ભાજપ નેતાઓની ગેરહાજરી અનેકવીધ સવાલ પેદા કરનારી છે. ભાજપની આંતરીક હુંસાતુંસી તથા અંદરોઅંદરના ટકરાવમાં આ ઘટના બની છે કે કેમ તે પણ સવાલો ઉઠી રહ્યા છે. આગામી દિવસોમાં પાર્ટીમાં તેના કોઈ પ્રત્યાઘાતો પડે છે કે કેમ તેના પર રાજકોટ વાસીઓની મીટ મંડાઈ છે.

# વિરમગામના લોકમેળામાં રાઈડ તૂટતા બે લોકો ઈજાગ્રસ્તઃ મેળાનો પરવાનો રદ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વિરમગામ

વિરમગામમાં ચાલી રહેલા લોકમેળામાં એક ગંભીર દુર્ઘટના બની છે. મેળામાં એક યાત્રિક રાઈડ અચાનક તૂટી પડતાં બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટના બાદ તાત્કાલિક ધોરણે પગલાં ભરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આ ઘટનાની નોંધ લેવામાં આવી છે અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.દુર્ઘટનાના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકોમાં ચિંતા અને ભયનો માહોલ ફેલાઈ ગયો છે.

નાયબ કલેક્ટર દ્વારા તાત્કાલિક હુકમ જારી કરીને વિરમગામમાં ચાલી રહેલા ત્રણેય લોકમેળાનો પરવાનો સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ પગલાને કારણે મેળાની વધુ પ્રવૃતિઓ પર રોક લાગી ગઈ છે, જેનાથી ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે સુનિશ્ચિત થઇ શકે છે.આ દુર્ઘટનાએ મેળામાં ચાલતી રાઈડ્સની સલામતી અને જાળવણી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

આ મામલે પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે અને મેળાના આયોજકો તથા રાઈડના સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આશા રાખીએ કે ભવિષ્યમાં આવા જાહેર સ્થળોએ સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન થાય જેથી નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં ન મુકાય.

# ગુજરાતમાં હાલ તેવી કોઈ સ્થિતિ નથી કે નવા પ્રદેશ પ્રમુખની નિમણુંક થઈ શકે

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની જેમ હવે ગુજરાતના પ્રદેશ પ્રમુખની નિમણુંકમાં પણ વિલંબ થવાની શકયતા છે. આગામી થોડા મહિનાઓમાં રાજયમાં યોજનારી શહેરી વિસ્તારોની ચુંટણીઓ વર્તમાન પ્રમુખ સી આર પાટીલના નેતૃત્વમાં લડવામાં આવે તેવી શકયતા છે. ભાજપ હાઈકમાન્ડ ઉપપ્રમુખ ચુંટણી અને ત્યારબાદ બિહાર વિધાનસભાની ચુંટણીમાં વ્યસ્ત હોવાથી એવુ કહેવામાં આવી રહ્યુ છે કે જે પી નડ્ડા હાલમાં રાષ્ટ્રીય અધ્યક્ષ રહેશે.



ઉપપ્રમુખ પદ માટે ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતનુ નામ પણ વિચારવામાં આવી રહ્યુ છે. આવી સ્થિતિ માં એવી શકયતા છે કે ભાજપ થોડા વધુ મહિનાઓ માટે ગુજરાતમાં તેના સૌથી સફળ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને જવાબદારી સોંપી શકે છે. નવસારીના સાંસદ અને કેન્દ્રમાં જળશકિત મંત્રી સીઆર પાટીલે ૨૦૨૨ ની ચુંટણીમાં તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને ભાજપને ૧૫૬ બેઠકો મળી, આવી સ્થિતિમાં શહેરોની નવી સરકારની ચુંટણીમાં પટેલ-પાટીલ જોડી ટકી શકે છે. ચાલુ વર્ષના અંતમાં ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિત કેટલાક અન્ય મ્યુનિસીપલ કોર્પોરેશનોમાં ચુંટણીઓ યોજાવવાની છે. પાર્ટીએ હજુ સુધી નવા પ્રમુખને સંગઠનની જવાબદારી સોંપી નથી. ચુંટણીઓ મોડી પડે તો પણ જાન્યુઆરી / ફેબ્રુઆરી સુધીમાં યોજાવવાની શકયતા છે. શહેરોમાં ભાજપ હજુ પણ ખુબ જ મજબુત સ્થિતિમાં છે.

ભાજપ શહેરો પર પોતાનો દબદબો જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે ભાજપમાં એવી ચર્ચા છે કે આગામી ચુંટણીઓ સીઆર પાટીલના નેતૃત્વમાં લડવામાં આવશે. કારણ કે નવા પ્રમુખ માટે સંકલન માટે સમય બાકી નથી.

ગુજરાત તે રાજયોમાં સામેલ છે જયાં સંગઠન ચુંટણીઓ પુર્ણ થયા પછી પણ પાર્ટીએ પ્રદેશ પ્રમુખની પ્રક્રિયા પુરી કરી નથી. ચાલુ વર્ષની શરૂઆતમાં , રાજય સરકારે ૯ નવા મ્યુનિસીપલ કોર્પોરેશનોને મંજુરી આપી હતી આવી સ્થિતિમાં રાજયમાં કુલ મ્યુનિસીપલ કોર્પોરેશનોની સંખ્યા હવે ૧૭ થઈ ગઈ છે અને કુલ મ્યુનિસીપલ કોર્પોરેશનોની ૧૪૯ થઈ ગઈ છે. જુલાઈ ૨૦૨૦ માં ભાજપે સીઆર પાટીલને પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપી હતી. ગયા મહિને પાટીલે પ્રમુખ તરીકેનો ૫ વર્ષનો કાર્યકાળ પુર્ણ કર્યો, પાટીલ ડેટાના આધારે ચુંટણી લડે છે, સાંસદ તરીકે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મત વિસ્તાર વારાણસીના જવાબદારી પણ સંભાળી છે. ગુજરાતની જેમ યુપી માં પણ રાજયના વડાની નિમણુંક હજુ બાકી છે. ત્યારે અહીં મુદ્દો તે જ છે કે ભાજપ પોતે પણ છેલ્લા કેટલાક સમયથી પ્રદેશ પ્રમુખ બદલવા ઈચ્છે છે પરંતુ કંઈ મેળ પડતો નથી. કંઈક ને કંઈક ઈસ્યુ આવ્યા કરે છે, ત્યારે મહત્વની બાબત તે જ છે કે હજુ પણ સીઆર પાટીલ જ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખે રહેશે. હાલ તો દુર સુધી પ્રદેશ અધ્યક્ષ બદલાય તેવા એંધાણ કંઈ જણાતા નથી.